# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-10-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : SATURDAY** **REGIONAL NEWS**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હિના મોદી વાંચે છે.

*****************************************************

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 27 જિલ્લામાં બસ સ્ટેશનો પર 136 જેટલા ગ્રામહાટનું રાજકોટથી ઈ-લોકાર્પણ કર્યું

2) ગુજરાત પોલીસ ભરતીમાં ભૂતપૂર્વ અગ્નિવીરો ને 20 ટકા અનામત – કોઈ પણ પરીક્ષા વિના સીધી ભરતી કરાશે

3) કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહે સુરતમાં કહ્યું કે, કાપડ ઉદ્યોગ હવે નવી ટેકનોલોજીથી કાપડ ઉત્પાદન કરી રહ્યો છે

4) કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ વલસાડમાં કહ્યું કે ઔદ્યોગિક વિકાસ માટે ટકાઉપણું હોવું જરૂરી છે

5) રાજ્યમાં આવતીકાલથી શારદીય નવરાત્રીનો પ્રારંભ – પોલીસની ત્રિ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા

-----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM RAJKOT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે 27 જિલ્લામાં બસ સ્ટેશનો પર સખીમંડળ સંચાલિત 136 જેટલા ગ્રામહાટનું રાજકોટથી ઈ-લોકાર્પણ કર્યું હતું. તેમણે મહિલાલક્ષી વિવિધ પહેલો સાથે ત્રિ-દિવસીય 'સરસ મેળા'નો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, મહિલાઓને વિકાસયાત્રામાં માત્ર લાભાર્થી નહીં, પરંતુ વિકાસ ભાગીદાર બનાવવાનો પ્રધાન મંત્રીનો નિર્ધાર છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્યના 136 બસ સ્ટેશનોમાં સખીમંડળ સંચાલિત ગ્રામહાટના શુભારંભ સાથે અહીં 13 સમજૂતી કરાર થયા છે. બસ સ્ટેશનો અને રેલવે સ્ટેશન પર સ્વસહાય જૂથની બહેનોના ઉત્પાદનના વેચાણ માટે વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જેનાથી ગ્રામીણ માતા-બહેનોના હસ્તકલા ઉત્પાદનો અને ગૃહ ઉદ્યોગની ખાદ્ય સામગ્રીઓને વિશાળ બજાર મળશે અને વોકલ ફોર લોકલ મંત્ર સાર્થક થશે.

## (BYTE: BHUPENDRA PATEL, CM)

*(રાજ્યના ૧૩૬ બસ સ્ટેશનોમાં ગ્રામ હાટનો આજથી શુભારંભ કર્યો છે . તેર જેટલા એમઓયુ થયા છે . ગ્રામીણ માતા બહેનોના હસ્તકલા ઉત્પાદનો અને ગૃહ ઉદ્યોગ દ્વારા બનેલી ખાવા પીવાની સામગ્રીઓ વિશાળ બજાર મળવાનું છે . પશુપાલન અને દૂધ મંડળીઓના કારોબારમાં ૪૫૦૦ મહિલા મંડળીઓ સાથે ગ્રામીણ મહિલા સશક્તિકરણનું મોટું યોગદાન છે. ૨૦૨૯ સુધીમાં ૬ કરોડ લખપતિ દીદી બનાવવાની નેમ છે.)*

તેમણે કહ્યું હતું કે , વર્ષ 2029 સુધીમાં દેશમાં છ કરોડ લખપતિ દીદી બનાવવાની પ્રધાનમંત્રીની નેમ છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં 8.5 લાખથી વધુ બહેનો લખપતિ દીદી બની ચૂકી છે.

આ અવસરે મંત્રી જીતુ વાઘાણી , કુંવરજી બાવળીયા સહિત સંસંદ સભ્યો અને ધારાસભ્યો હાજર રહ્યાં હતાં.

# AGNEEVER – POLICE RECRUITMENT

ગુજરાત પોલીસ ભરતીમાં ભૂતપૂર્વ અગ્નિવીરો માટે 20 ટકા અનામત, લેખિત કે અન્ય પરીક્ષાઓ વિના પોલીસ દળમાં સીધી ભરતી , રાજ્ય સુરક્ષામાં ભૂતપૂર્વ અગ્નિવીરોના અનુભવનો ઉપયોગ કરવાનો ગુજરાત સરકારે નિર્ણય કર્યો છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પત્રકાર પરિષદમાં વધુ માહિતી આપી.

**(BYTE: HARSH SANGHAVI, DYCM)**

*રાજ્ય સરકાર દ્વારા આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં , માજી અગ્નિવીરોને કોઈપણ પ્રકારની પરીક્ષા લીધા વગર પોલીસમાં ભરતી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ શારીરિક પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવી હતી , પાંચ વર્ષની ઉંમરમાં ભી રિલૈક્સેશન આપવામાં આવ્યો છે.*

# E-RAKSHAK HACKATHON

સુરત શહેર પોલીસ અને સરદાર વલ્લભભાઈ નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ( SVNIT)ના નેક્સસ યુનિટ દ્વારા આયોજિત ઈ-રક્ષક હેકેથોનના ગ્રાન્ડ ફિનાલેમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા . આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, ટેકનોલોજી જેટલી ઉપયોગી છે તેટલી જ તે પડકારો અને સમસ્યાઓ પણ સર્જે છે. મોટી કંપનીઓ દ્વારા વારંવાર હાર્ડવેર અને કેમેરાના મોડેલ બદલાય છે, જેથી સરકારી સિસ્ટમ પર બોજ ન પડે એ માટે પ્રધાન મંત્રીના દ્રષ્ટિકોણ મુજબ હેકેથોન દ્વારા યુવા પ્રતિભાઓને પ્રોત્સાહિત કરી સોફ્ટવેર આધારિત ઉકેલો લાવવાની દિશામાં અમે આગળ વધી રહ્યા છીએ.

**(BYTE: HARSH SANGHAVI, DYCM)**

***आने वाले दिनों में चाहे एफआईआर की बात हो, डिटेक्शन की बात हो, साइबर क्राइम की बात हो, ये सभी विषयों में आप सभी युवा साथियों के विचार से गुजरात पुलिस काम करना चाहती है। मैं आप सब से अपेक्षा रखता हूं, आप सब लोग दिल से, आपकी जो शक्ति है, वो लोगों को बचाने में, लोगों के कामों में, लोगों को मदद करने में उपयोग आए।***

પોલીસ કમિશનર વાબાંગ જમીરે કહ્યું કે , ઈ-રક્ષક હેકેથોન એ સુરત શહેર પોલીસ, SVNIT ના NEXUS યુનિટ દ્વારા સંયુક્ત રીતે આયોજિત સાયબર સિક્યોરિટી અને ઇનોવેશન હેકેથોન છે.

# TEXTILE MINISTER SURAT

કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહના અધ્યક્ષસ્થાને સુરત માં પીએમ મિત્રા પાર્ક સંદર્ભે ઉદ્યોગકારો, મૂડી રોકાણકારો સાથે બેઠક યોજાઈ હતી. સુરતના કાપડ ક્ષેત્રને વૈશ્વિક સ્તરે વધુ મજબૂત કરવા સાથે PM મિત્રા પાર્કને વધુ ઉદ્યોગ અનુકુળ બનાવવા સંદર્ભે રોકાણકારોના સૂચનો , રજૂઆતો સાંભળી હતી. તેમણે પાર્કને વિશ્વ કક્ષાનો બનાવવા માટે સુરતના ઉદ્યોગપતિપઓના સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

તેમણે જણાવ્યું કે , સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગને વધુ વેગ આપવા અને પ્રદૂષણમુક્ત વિશ્વ કક્ષાનું આંતરમાળખું પૂરૂં પાડવા માટે વિશ્વકક્ષાનો PM મિત્રા પાર્ક બનશે.

મંત્રીશ્રીએ કહ્યું કે , દેશનો કાપડ ઉદ્યોગ હવે નવીનતમ અને અદ્યતન ટેકનોલોજીથી સજ્જ મશીનોથી કાપડ ઉત્પાદન કરી રહ્યો છે. ગુજરાત અને ખાસ કરીને સુરત પાસે વિશ્વભરમાં કાપડની નિકાસ કરવાની વિપુલ ક્ષમતા છે. સુરતના સક્ષમ અને વિઝનરી ઉદ્યોગપતિઓ ઉચ્ચ ગુણવત્તાનું કાપડ તૈયાર કરવા નવીનતમ અને સરાહનીય પ્રયોગો કરી રહ્યા છે. હવે સુરતના કાપડ ઉદ્યોગકારો અને રોકાણકારો નિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે એવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

# SEVA SANKALP ABHIYAAN

સમગ્ર રાજ્યમાં સેવા સંકલ્પ અભિયાન યોજાઈ રહ્યું છે ત્યારે મોરબીમાં મયુર હોસ્પિટલ ખાતે જિલ્લાકક્ષાનો નિઃશુલ્ક આરોગ્ય તપાસ કેમ્પ યોજાયો હતો. રાજકોટ એઈમ્સના 45 થી વધુ નિષ્ણાત તબીબો અને પેરામેડિકલ સ્ટાફે આ કેમ્પમાં સેવાઓ આપી હતી.

રાજકોટની જનાના સિવિલ હોસ્પિટલ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ‘સેવા સંકલ્પ અભિયાન’ હેઠળ ‘દીકરી વધામણાં કીટ’નું વિતરણ કરાયું. આ ઉપરાંત , ‘બેટી બચાઓ, બેટી પઢાઓ’ યોજના અન્વયે દીકરીઓના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ જાગૃતિ કાર્યક્રમો યોજાયા.

# MANSUKH MANDVIYA - MODHVADIYA

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ વલસાડ વાપી ખાતે 'ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને એર પોલ્યુશન મોનિટરિંગ' વિષય અંગેના સેમિનારને ખુલ્લો મૂક્યો હતો.

આ પ્રસંગે શ્રી માંડવિયાએ જણાવ્યું હતું કે, ઔદ્યોગિક વિકાસ માટે ટકાઉપણું હોવું અત્યંત જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે વાપીના ઉદ્યોગોએ હંમેશા દેશને એક ઉત્તમ સંદેશ આપ્યો છે. ભારત સરકારની નીતિ ખેડૂતલક્ષી અને ગરીબલક્ષી હોવાની સાથે સાથે ઉદ્યોગલક્ષી પણ છે.

આ પ્રસંગે અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે વાપી ગ્રામ પંચાયતમાંથી મહાનગરપાલિકા બની ગયું છે અને અહીંના લોકોએ દેશભરના નાગરિકોને રોજગારી પૂરી પાડી છે.

## (BYTE: ARJUN MODHWADIA)

*એક વખતે જે ગ્રામ પંચાયત હતું , એમાંથી મહાનગરપાલિકા સુધીની સફરની અંદર અને દક્ષિણ ગુજરાતના લોકોનું જે આતિથ્ય ભાવના છે , એને કારણે બીજા રાજ્યોમાંથી અને આપણા રાજ્યમાંથી અનેક ઉદ્યોગ સાહસિકોએ વાપીની અંદર આવીને પોતાના યુનિટો સ્થાપ્યા . અને સ્થાપનાની સાથે સાથે અહીંયાને હજારો લોકોને રોજગારી પણ આપી , સંપત્તિનું સર્જન કરીને સમાજની અંદર વહેંચણી પણ કરી અને સાથે સાથે આ વિસ્તારનો પણ વિકાસ કર્યો.*

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

# NAVRATRI PRARAMBH

ગુજરાતની ઓળખ સમાન નવરાત્રી પર્વનો આવતીકાલ થી પ્રારંભ થશે. શારદીય નવરાત્રીનો આ પર્વ 19 ઑક્ટોબર સુધી ચાલશે . મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્યના 22 હજારથી વધુ ગરબા સ્થળોએ પોલીસની ત્રિ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ.

## (VC: AJAY INDREKAR)

*(રાજ્યમાં આવતીકાલથી શરૂ થઈ રહેલ નવરાત્રી પર્વને લઈ પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ગરબા ગ્રાઉન્ડમાં સજ્જ મહિલા પોલીસકર્મીઓની 'શી-ટીમ' ટ્રેડિશનલ ડ્રેસમાં ખેલૈયાઓના વેશમાં આવીને સતત દેખરેખ રાખશે. આ ઉપરાંત તમામ ગરબા આયોજકો માટે પ્રવેશ અને નિકાસ માટે અલગ ગેટ , સમગ્ર પરિસરમાં CCTV કેમેરા, મેટલ ડિટેક્ટર અને બ્રેથ એનાલાઈઝરની વ્યવસ્થા ફરજિયાત રાખવા માટે સ્પષ્ટ સુરક્ષા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે*

*કોઈપણ શંકાસ્પદ હિલચાલ કે કટોકટીના સમયે તાત્કાલિક સ્થાનિક પોલીસ કંટ્રોલ રૂમ અથવા ઈમરજન્સી હેલ્પલાઈન નંબર 112 પર સંપર્ક કરવા લોકોને અપીલ કરી છે. અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ.)*

# IMP ANNOUNCEMENT

હવે પ્રાદેશિક સમાચાર વિભાગ તરફથી એક અગત્યની જાહેરાત સાંભળીએ..

(VOICE CAST: IMP ANNOUNCEMENT)

# NPS KAMGIRI

રાજ્ય સરકાર દ્વારા કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા માટે લેવાયેલા પ્રજાભિમુખ નિર્ણયના સફળ અમલીકરણમાં નાણા વિભાગે પારદર્શક કામગીરી હાંસલ કરી છે.

નવી પેન્શન યોજનામાં ઉપાડ શાખા દ્વારા NPS થી OPS રૂપાંતર, નિવૃત્તિ અને અવસાનના કુલ 19 હજાર 229 કેસો પૂર્ણ કરવામાં આવ્યા છે. જે માં અવસાન અને નિવૃત્તિના એક હજાર 37 કેસોમાં 124 કરોડ રૂપિયાથી વધુની પેન્શન ઓથોરિટી સમયસર આપવામાં આવી છે. જ્યારે એક હજાર 19 કરોડથી વધુનું સરકારી વળતર જમા કરવામાં આવ્યું છે. નાણાકીય ગેરરીતિ અટકાવવા માટે ઓથોરિટી અને D.D. ડિસ્પેચ લેટરમાં QR તથા બાર કોડ ટેકનોલોજીનો ઉપયોગ કરી સંપૂર્ણ પારદર્શકતા જાળવવામાં આવી છે.

# AMRELI – VIRJI THUMMAR

ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને અમરેલીના પૂર્વ સાંસદ વિરજી ઠુમરની આજે યોજાયેલી શ્રદ્ધાંજલિ સભામાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા સહિત અનેક નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી હતી.

ઠુમર પરિવારને સાંત્વના આપવા માટે પૂર્વ ધારાસભ્ય વસોયા અને અન્ય પ્રદેશ કોંગ્રેસના હોદ્દેદારો પણ હાજર રહ્યા હતા. ભાજપના નેતાઓ રાજકોટના સાંસદ પરસોતમ રૂપાલા, પૂર્વ સાંસદ રમેશ ધડુક , ઇફકોના ચેરમેન દિલીપ સંઘાણી અને સાંસદ ભરત સુતરીયા પણ શ્રદ્ધાંજલિ આપવા આવ્યા હતા.

# 5 DEATH IN ACCIDENT

રાજ્યમાં ડાંગ, જામનગર અને ભાવનગરમાં થયેલાં જુદાજુદા માર્ગ અકસ્માતમાં પાંચ વ્યક્તિઓના મોત થયાંના અહેવાલ છે. ડાંગ જિલ્લાના આહવા–વઘઈ રોડ પર આજે વહેલી સવારે થયેલા માર્ગ અકસ્માતમાં નાયબ મામલતદાર સહિત બે વ્યક્તિઓના મોત નીપજ્યા હતા. કાર રેલિંગ તોડીને ખાપરી નદીમાં 35 ફૂટ નીચે ખાબકી હતી અને કારમાં સવાર નાયબ મામલતદાર સહિત અન્ય એકનું મોત જ્યારે એક વ્યક્તિ ઇજાગ્રસ્ત થયો હતો. જ્યારે એક વ્યક્તિનો આબાદ બચાવ થયો છે.

જ્યારે જામનગરની નૂર ચોકડી વિસ્તારમાં ગતરાત્રે થયેલા અકસ્માતમાં એક યુવકનું મોત જ્યારે ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. થારની ટક્કરથી કાર બસ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો.

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ધારડી ગામ પાસે મોરલીધર હોટલ નજીક પૂરઝડપે આવી રહેલી કારના ચાલકે મોટરસાઇકલને ટક્કર મારતા બે યુવકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા.

# KUTCH - TRIKAM CHHANGA

કચ્છના અંજાર તાલુકાના મોટી નાગલપર ગામ ખાતે આજે ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા એ નવીન પંચાયત ઘરનો લોકાર્પણ કર્યો હતો. તેમણે 24 લાખના ખર્ચે નવનિર્મિત પંચાયત ઘરની ભેટ આપતા ગ્રામજનોને જણાવ્યું હતું કે, શહેરો જેવી સુવિધાઓ ગામડાઓમાં ઉપલબ્ધ બને અને છેવાડાના માનવીના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે એ જ ધ્યેય સાથે કેન્દ્ર અને રાજ્ય સરકાર પ્રજાલક્ષી કામગીરી કરી રહી છે.

# NCC PARED - SOU

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણીના ઉપલક્ષ્યમાં NCC કેડેટ્સ દ્વારા રાષ્ટ્રીય એકતા દિવસ પરેડની તૈયારીનો પ્રારંભ થયો છે. ગુજરાત સહિત 22 રાજ્યોના નેશનલ કેડેટ કોર્પ્સ ( NCC)ના આશરે 200 કેડેટ દ્વારા NCC નિદેશાલય, ગુજરાતના છત્ર હેઠળ અમદાવાદ ખાતે BSF, CISF, SSB અને અન્ય CAPF ટુકડીઓ સાથે કદમતાલ મિલાવીને કઠિન કવાયત શરૂ કરવામાં આવી છે.